# 55

ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે વર્ગ–૧ ની મંજૂર જગ્યાઓ

*15/4/2170 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૩૬ (અગ્રતા–૨૪) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી(ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે .–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી ખાતે વર્ગ–૧ ની કુલ–૫૦ મંજુર જગ્યાઓ પૈકી ૨૦ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી, | (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ –૦૧ જગ્યા ભરવામાં આવી. |
| (૨) | ઉકત સ્થિતિએ ઉકત કચેરીમાં વર્ગ–૧ની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | ઉકત સ્થિતિએ કુલ ભરાયેલ – ૨૮ જગ્યાઓ અને ખાલી જગ્યા ૨૨ છે. |
| (૩) | ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (3) | બઢતીના ફાળાની જગ્યા પર નિયત અનુભવ ધરાવતા અધિકારીઓ ઉપલબ્ધ ન થવાથી .<br>ભારત સરકારની નવી માર્ગદર્શિકા અનુસાર ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૩/૦૬/૨૦૨૩ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ વિકલાંગતા અનુસાર રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરવાના હોવાથી. |
| (૪) | ઉકત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | બનતી ત્વરાએ |

---